Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-3, December-2020

# ગુજરાતમાં પશુપાલનક્ષેત્રનું મહત્વ

**ઋષિકેશ નરેન્દ્રકુમાર જોષી**

પી.એચ.ડી. સ્કૉલર, એમ,એ, એમ.ફીલ, અર્થશાસ્ત્ર

***<u>સારાંશ</u> :-***

*ભારત દેશ દુનિયામાં ઝડપી વિકસતા દેશોમાંનો એક દેશ છે. જેનો ઝડપી વિકાસ અન્ય દેશોની સરખામણીમાં વધારે છે. (૨ થી ૪ ટકાની સામે ગુજરાતનો વિકાસ દર આશરે ૯ ટકા છે.) આપણા દેશમાં ગુજરાત રાજ્ય સૌથી ઝડપી વિકાસ પામતુ રાજ્ય છે. ગુજરાતની ખેતી સમગ્ર દેશમાં કેન્દ્ર સ્થાને છે. આ ખેતી સાથે સંકળાયેલા પશુપાલન વ્યવસાય પણ ખૂબ જ ઝડપથી અને સારી રીતે આગળ આવી રહ્યું છે. અને ગ્રામ્ય અર્થકારણમાં ખૂબ જ મહત્વનો ફાળો આપે છે. ઘણા બધા ગામડાઓમાં પશુપાલનની આવક ખેતીની આવક કરતાં ઘણી જ વધારે જોવા મળે છે. નર્મદા યોજનાના પાણી આવવાથી પશુપાલન અને ખેતીને વધારે પ્રોસ્તાહન મળ્યું છે. પરિણામે પશુપાલનના કાર્યને વેગ મળ્યો છે. ગુજરાતનાં ખેડૂતો ખેતીની સાથે સાથે પશુપાલન વ્યવસાયમાં મોટા પ્રમાણમાં કરે છે. જેના લીધે ખેડૂતોનો રોજિંદા ખર્ચ નીકળી જાય છે. ઉપરાંત બાળકોના ભણતરનો ખર્ચ નીકળી જાય છે. પશુપાલન-ડેરી ઉધોગના વિકલ્પથી ગામડાઓ સમૃદ્ધ બનશે અને ગ્રામ્ય વિસ્તારનું જીવનધોરણ ઊંચું આવશે પરિણામે લોકોની આવકમાં નોંધપાત્ર વધારો થતાં તેમની આર્થિક સ્થિતિ સુધરશે. જેના કારણે ભારત સરકારે પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય રોજગારી અને ગ્રામ્ય વિકાસ માટેનો મુખ્ય સ્રોત ગણાવ્યો છે.*

---

**<u>પ્રસ્તાવના</u>** -

વિશ્વ ફલક પર ભારત દેશ ખેતી પ્રધાન દેશ તરીકેની ખ્યાતિ ધરાવે છે. ભારતીય ખેતીક્ષેત્ર એ ભારતીય અર્થતંત્રની જીવાદોરી સમાન છે. ભારતની કુલ વસ્તીના ૭૦ ટકા કરતાં વધારે લોકો આજીવિકા માટે ખેતીક્ષેત્ર પર નિર્ભર છે. ખેતીક્ષેત્ર સંલગ્ન પશુપાલન વ્યવસાય એ ખેડૂતો માટે આર્થિક કમાણીનું મહત્વનુ અંગ બની રહે છે. ટૂંકમાં પશુપાલન અને ખેતીક્ષેત્ર એકબીજાના પૂરક કર્તા છે. પરિણામે ખેડૂતો પશુપાલન ના વ્યવસાય દ્વારા દૂધ-ઉત્પાદન કરીને સારી એવી આવક પ્રાપ્ત કરી શકે છે. પશુપાલ વ્યવસાયમાં નિરક્ષરતા ધરાવતા લોકો પણ ખૂબ જ સહેલાઇથી રોજગારી મેળવી શકે છે. પશુપાલનમાં ગાય-ભેંસ, ઘેટાં-બકરાં, મરઘાં-બતક અને મત્સ્ય ઉત્પાદનનો સમાવેશ થાય છે.

ભારતમાં પશુપાલન વ્યવસાયને કારણે ડેરી-ઉધોગ વિકાસ પામ્યો છે. દૂધમાંથી બનતી આઇટમોનું ઉત્પાદન સમગ્ર વિશ્વમાં વધવા પામ્યું છે. દૂધની માંગનું પ્રમાણ વધતાં તેની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ભારતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ-ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે જેનો મુખ્ય આધાર પશુપાલન વ્યવસાય છે. ગામડાના લોકો મંડળીઓમાં દૂધ ભરાવીને સારી આવક મેળવીને તેમના જીવન ધોરણમાં સુધારો કરી શકે છે. પશુપાલન વ્યવસાયથી ગ્રામીણ લોકોનો વિકાસ ખુબજ ઝડપથી થતો જોવા મળ્યો છે. વર્ષોથી લોકો તેમના રોજિંદા આહારમાં દૂધ,દહીં, છાછ, માખણ અને ઘી નો

વપરાશ કરે છે. આદિયુગમાં જેમ અગ્નિ, અને ચક્રની શોધની સાથે સાથે ખેતીક્ષેત્રની સાથે પશુપાલન વ્યવસાયની શોધ પણ નોંધપાત્ર છે.

**પશુપાલનનો અર્થ** :-

" અર્થતંત્રની પરિભાષામાં પશુપાલન એટલે તમામ પ્રકારના પશુઓનું પાલન નહીં પરંતુ જેનાથી માનવી માટે કોઈ ઉપયોગી જેમ કે દૂધ, માંસ ઈંડા વગરે સેવાઓ આપે છે. આવા પ્રાણીઓને પશુપાલનની પ્રવૃતિમાં સમાવવામાં આવે છે. આ પ્રકારના પશુઓમાં ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, હાથી, ગધેડા, બતકો વગેરેના ઉછેરનો સમાવેશ પશુપાલનમાં થાય છે. "

**પશુપાલનનો ઉદ્દભવ (ઐતિહાસિક નજર)** :-

ઇતિહાસ પર નજર કરતાં આશરે દસ હજાર વર્ષ પહેલાં પથ્થર યુગમાં થયો હોવાનું માનવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે માનવીએ સૌ પ્રથમ કૂતરાને પાળ્યો જેના કારણે તેને શિકાર સોધવામાં સફળતા મળવા લાગી. જેના અનુસંધાનમાં હજારો વર્ષો જૂના ઈજિપ્તનાં સ્મારકોમાં કુતરાના ચિત્રો કંડારાયેલા મળી આવ્યા છે. તે ઉપરાંત આદિકાળથી પશુપાલન શરૂ થયા હોવાના પુરાવા એશિયા ખંડમાં ભૂમધ્ય કિનારે જોવા મળે છે. ત્યાંથી પુરાતત્વ સંશોધન દરમિયાન પાંચ હજાર વર્ષ પહેલાની ગાયોના અને તેમણે દોરતા માણસોના ચિત્રો મળી આવ્યા છે. તેમજ મહાભારત કાળમાં ગોપાલનનો મહિમા ખૂબ જ વર્ણવામાં આવ્યો છે. માનવી જેમ જેમ પ્રગતિ કરતો ગયો તેમ તેમ અન્ય પશુઓને પાળીને તેમનો ઉપયોગ કરવા લાગ્યો. પ્રાચીન સમયમાં જ્યારે ખેતીની શરૂઆત થઈ ત્યારે ખેતીમાં ભારવાહન માટે ગૌવંશ ઉપયોગી જણાયો. ભારતમાં કોકણ જેવા વધુ વરસાદવાળા પ્રદેશોમાં ભેંસ અને પાડાનો ઉપયોગ વધુ પ્રમાણે કરવામાં આવે છે. તે રીતે યુરોપીયન દેશો એ ખેતી માટે ઘોડાનો ઉપયોગ કર્યો છે. આમ જુદી-જુદી પરિસ્થિતિમાં જુદા-જુદા દેશો દ્વારા પશુઓને પશુપાલન વ્યવસાય સાથે સેવામાં લેવામાં આવ્યા હતા.

ગુજરાતમાં પશુપાલન :-


ગુજરાત રાજ્યની સ્થાપના એક અલગ રાજ્ય તરીકે ૧ મે ૧૯૬૦ નાં રો કરવામાં આવી. તેની સાથે સાથે અન્ય વિભાગોની સાથે પશુપાલન વિભાગની રચના પણ ૧૯૬૦માં કરવામાં આવી. પશુપાલન વિભાગ એ સ્વતંત્ર રીતે ગુજરાત સરકારનાં કૃષિ અને સહકાર, ખેડૂત કલ્યાણ વિભાગ હેઠળ કાર્ય કરે છે. ગુજરાત રાજ્યની મોટાભાગની વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરે છે. જેનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. કારણ કે મોટાભાગની વસ્તી પાસે પોતાની માલીકીની જમીન ન હોવાથી તેઓ પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે. ગુજરાતનાં આર્થિક માળખામાં પશુપાલન અને ડેરી ઉધોગ મહત્વની ભૂમિકા ભજવે છે. ડેરી ઉધોગએ પશુપાલન વ્યવસાય પર નિર્ભર છે.

ગુજરાત રાજ્ય દૂધ ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ચોથા ક્રમે છે. અને ડેરી ઉધોગ ક્ષેત્રે ગુજરાત રાજ્ય 'મોડેલ રાજ્ય' તરીકે ઓળખાય છે. ગુજરાત રાજયમાં ૧૦૧ લાખ કુટુંબો પૈકી ૪૨ લાખ કુટુંબો (૪૧.૫૮ %) પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. જે પૈકી ૧૩.૬૦ લાખ કુટુંબો (૧૩.૪૬%) ગરીબી રેખા હેઠળ

જીવતા કુટુંબો છે. જેના માટે પશુપાલન એ આવક પ્રાપ્તિનો એકમાત્ર સ્ત્રોત છે. રાજ્યની આવકમાં પશુધન પેદાશ અને આડ-પેદાશ ઉત્પાદનમાં સતત નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યની પશુધનક્ષેત્ર માંથી વર્ષ ૨૦૧૨-૧૩ નાં અંદાજોમાં રૂ/ ૩૧.૦૨૮ કરોડની આવકની આવક પ્રાપ્ત થઈ હતી.

<u>ભારત અને ગુજરાતની ઘરેલુ પેદાશમાં (જી.ડી.પી.) કૃષિ અને પશુપાલનનો ફાળો-</u>

ભારતની જી.ડી.પી.માં ખેતી અને પશુપાલનનાં હિસ્સાના આંકડા પરથી કહી શકાય કે જી.ડી.પી.માં ખેતીનો હિસ્સો ક્રમશ: ઘટતો ગયો છે, જે વર્ષ ૧૯૮૦-૮૧ માં ૩૪.૭૨ ટકા હતો તે વર્ષ ૨૦૧૦-૧૧ માં ઘટીને ૧૫.૭૭ ટકા જેટલો થયો હતો. જેના અનુસંધાનમાં પશુપાલનનો હિસ્સો વધારા-ઘટાડા સાથે લગભગ સ્થિર રહ્યો હતો. જે અનુક્રમે ૪.૮૨ ટકા અને ૩.૯૪ ટકા રહ્યો હતો. પરંતુ તેની સામે ખેતીક્ષેત્રમાં પશુપાલનનો હિસ્સો વધવા પામ્યો છે. જે અનુક્રમે ૧૩.૮૮ ટકાથી વધીને ૨૪.૯૯ ટકા થયો હતો. આથી કહી શકાય કે ગુજરાતમાં પશુપાલનનું મહત્વ વધવા પામ્યું છે.




Source :- National Accounts Division, Central Statistical Office, M/O Staticts & Program Implementation.

ભારતમાં દર પાંચ વર્ષે પશુગણતરી થાય છે, ભારતમાં છેલ્લે ૨૦૧૨ માં ૧૯ મી પશુગણતરી કરવામાં આવી હતી. આ પશુગણતરી મુજબ ગુજરાતમાં પશુઓની સાંખ્યા કેટલી છે.

## ગુજરાતમાં પશુધનની માહિતી ૧૯૫૧ થી ૨૦૧૨

| ક્રમ | વર્ષ | કુલ ગાય | કુલ ભેંસ | ઘેટા | બકરી | અન્ય પશુઓ | કુલ પશુધન | કુલ પક્ષી મરઘા-બતકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૫૧ | ૫૩૪૫ | ૨૫૧૪ | ૧૫૭૪ | ૨૩૨૬ | ૨૧૮ | ૧૧૯૭૭ | ૧૧૩૭ |
| ૨ | ૧૯૫૬ | ૬૦૫૫ | ૨૬૪૦ | ૧૭૪૪ | ૨૬૦૦ | ૨૬૮ | ૧૩૩૧૨ | ૧૮૫૪ |
| ૩ | ૧૯૬૧ | ૬૫૫૭ | ૨૯૧૭ | ૧૪૮૧ | ૨૨૨૩ | ૨૭૭ | ૧૩૪૫૪ | ૨૦૪૮ |
| ૪ | ૧૯૬૬ | ૬૫૪૪ | ૩૧૪૦ | ૧૬૫૨ | ૨૭૭૧ | ૨૩૦ | ૧૪૩૩૮ | ૨૩૨૪ |
| ૫ | ૧૯૭૨ | ૬૪૫૭ | ૩૪૬૮ | ૧૭૨૨ | ૩૨૧૦ | ૨૪૧ | ૧૫૦૯૮ | ૨૭૩૬ |
| ૬ | ૧૯૭૭ | ૬૦૦૬ | ૩૪૭૩ | ૧૫૯૨ | ૩૦૮૪ | ૨૫૧ | ૧૪૪૦૬ | ૩૪૨૬ |
| ૭ | ૧૯૮૨ | ૬૯૯૪ | ૪૪૪૩ | ૨૩૫૭ | ૩૩૦૦ | ૧૩૪૬ | ૧૮૪૪૦ | ૩૫૭૨ |
| ૮ | ૧૯૮૮ | ૬૨૪૦ | ૪૫૦૨ | ૧૫૫૯ | ૩૫૮૪ | ૧૪૫૮ | ૧૭૩૪૩ | ૫૪૯૨ |
| ૯ | ૧૯૯૨ | ૬૮૦૩ | ૫૨૬૮ | ૨૦૨૭ | ૪૨૪૧ | ૧૩૩૩ | ૧૯૬૭૨ | ૫૬૫૭ |
| ૧૦ | ૧૯૯૭ | ૬૭૪૯ | ૬૨૮૫ | ૨૧૫૮ | ૪૩૮૬ | ૧૩૯૩ | ૨૦૯૭૦ | ૭૨૩૧ |
| ૧૧ | ૨૦૦૩ | ૭૨૨૪ | ૭૧૪૦ | ૨૦૬૨ | ૪૫૪૧ | ૧૬૮૦ | ૨૨૮૪૬ | ૮૧૫૩ |
| ૧૨ | ૨૦૦૭ | ૭૯૭૬ | ૮૭૭૪ | ૨૦૦૨ | ૪૬૪૦ | ૪૦૩ | ૨૩૭૯૪ | ૧૩૩૭૩ |
| ૧૩ | ૨૦૧૨ | ૯૯૮૪ | ૧૦૩૮૫ | ૧૭૦૮ | ૪૯૫૯ | ૩૫૪ | ૨૭૩૯૦ | ૧૫૦૦૬ |

**સ્રોત: -પશુપાલન નિયામકશ્રીની કચેરી, પશુપાલન અને ડેરી બુલેટીન,૨૦૧૪-૧૫. કામ ચલાઉ માહિતી**

**(Provisional data)**

ગુજરાતમાં ૧૯૫૧ કુલ પશુઓની સાંખ્યા ૧૧૯૭૭ હજાર હતી જે ૨૦૧૨ માં વધીને ૨૭૩૯૦ હજાર થઇ હતી. આ સમયગાળા દરમ્યાન પશુ વધારાનો ચક્રીય વાર્ષિક વૃદ્ધિ દર ૧.૩૭ ટકા રહ્યો હતો. આજ સમયગાળા દરમ્યાન અનુક્રમે ગાયની સાંખ્યા ૫૩૪૫ હજાર અને ૯૯૮૪ હજાર, ભેંસ ૨૫૧૪ અને ૧૦૩૮૫ હજાર, ઘેટા ૧૫૭૪ અને ૧૭૦૮ હજાર, બકરી ૨૩૨૬ અને ૪૯૬૯ હજાર તથા અન્ય પશુઓની સાંખ્યા ૨૧૮ તથા ૩૫૪ હજાર રહી હતી. આજ સમયગાળા દરમ્યાન પશુઓનો ચક્રીય વાર્ષિક વૃદ્ધિ દર અનુક્રમે ૧.03 ટકા, ૨.૩૫ ટકા, ૦.૧૩ ટકા, ૧.૨૫ ટકા અને ૦.૮૦ ટકા રહ્યો. જેમાં સૌથી ઉંચો વૃદ્ધિ દર ભેંસનો રહ્યો છે.

કુલ પક્ષીઓની (મરઘા-બતકા) સાંખ્યા વિષ ૧૯૫૧ માં ૧૧૩૭ હજાર હતી જે વધીને ૨૦૧૨ માં ૧૫૦૦૬ હાજર થઇ, જે દરમ્યાન કુલ પક્ષીઓનો ચક્રીય વાર્ષિક વૃદ્ધિ દર ૪.૩૨ ટકા રહ્યો જે પશુઓના દર કરતા નોંધપાત્ર રીતે ઉંચો રહ્યો છે.

ગુજરાતમાં વિવિધ પ્રજાતિ પ્રમાણે પશુધન વધારાની તરાહમાં ગાયોની સાંખ્યા

૨૦૦૩સુધી સૌથી વધુ હતી. જ્યારે ૨૦૦૩ બાદ ભેંસોની સાંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો સાથે-સાથે બકરીની સાંખ્યામાં પણ વધારો થયો, ઘેટા અને અન્ય પશુઓ લગભગ સ્થિર રહ્યા છે. જ્યારે કુલ પશુધાનમાં વધારો નોંધાયો હતો અને પક્ષીઓની સાંખ્યા પણ ક્રમશઃ વધારો થઈ રહ્યો છે.

ભારતમાં બ્લૂ ઈકોનોમી(મત્સ્યોધોગ) એ એક ઊભરતું ક્ષેત્ર છે. જેને ભારત સરકારનો સહયોગ અને પ્રોત્સાહન પ્રાપ્ત થઈ રહ્યું છે. નાણાંમંત્રીએ દરિયાના મત્સ્ય સ્ત્રોતોના વિકાસ, વ્યવસ્થાપન અને જાળવણી અંગે માળખું ઘડી કાઢવાની જાહેરાત કરી છે. આ દિશામાં તાજેતરમાં જે પહેલ હાથ ધરવામાં આવી છે તેના પરિણામે ભારતમાં મત્સ્ય ઉત્પાદનને તાજેતરમાં સરેરાશ વાર્ષિક ૭% નો વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. મત્સ્યોધોગને ભારતમાં હવે વિદેશી હુંડિયામણની કમાણીમાં એક મહત્વનુ યોગદાન આપતું ક્ષેત્ર ગણવામાં આવે છે. અને ભારતને વિશ્વમાં સી-ફૂડની નિકાસ કરવામાં અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું છે. નાણામંત્રીએ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં મત્સ્ય ઉત્પાદન વધારીને ૨૦૦ લાખ ટન કરવાની જાહેરાત કરી છે. (વર્તમાન ઉત્પાદન આશરે ૧૪૦ લાખ ટન જેટલું છે). આ ઉપરાંત બજેટમાં કેજકલ્ચર મારફતે શેવાળ અને સી-વિડ ઉછેરવાની નવતર પ્રક્રિયાને પ્રોસ્તાહન આપવા માટેની નિષ્ઠા વ્યક્ત કરાઇ છે. સરકાર વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં મત્સ્ય નિકાસને રૂ. ૧ લાખ કરોડ સુધી પંહોચાડવાની અપેક્ષા રાખે છે અને ૩,૪૭૭ ‘સાગર મિત્રા’ અને ૫૦૦ ‘ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર અર્ગેનાઇઝેશન્સ’ મારફતે યુવાનોને આ કામગીરીની વિસ્તરણમાં સામેલ કરવા માંગે છે. આનાથી સાગરકાંઠે વસતા યુવાનોમાં નોકરી અને આજીવિકાની તકોમાં વધારો થશે. ગ્રામીણ વિસ્તારોમાં દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબી નિવારણ અને સ્વ-સહાય જૂથોના વિસ્તરણ માટે મહત્વાકાંક્ષી યોજના હાથ ધરવામાં આવે તેવી પણ અપેક્ષા છે. અત્યાર સુધીમાં ૫૮ લાખ સ્વ-સહાય જૂથો આ યોજના હેઠળ સક્રિય રીતે કામ કરી રહ્યાં છે.

**<u>ઉપસંહાર</u>** :-

આપણે પશુપાલન વડે જ ગ્રામ્ય વિસ્તારમાં સમૃદ્ધિ લાવી શકીશું. પશુપાલન સાથે સંકળાયેલ બહેનોને ખૂબ જ મહેનત કરી તેઓને યોગ્ય તાલીમ વૈજ્ઞાનિક સમજ આપવામાં આવે તો તેઓ પશુપાલનના વ્યવસાયમાંથી ગ્રામીણ સમૃદ્ધિ લાવી શકે છે. અને પશુપાલન દ્વારા મહિલાઓની આર્થિક-સામાજીક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થાય છે. અને પ્રત્યેક ગામ, પ્રત્યેક કુટુંબ માટે તે કામધેનું બની રહે છે.

## <u>સંદર્ભ</u>


૧. ડૉ. વિશાલકુમાર એચ. જોષી,"પંચમહાલ જીલ્લામાં પશુપાલન પ્રવૃતિમાં થયેલો વિકાસ", અર્થસંકલન, અંક- ૫૮૧, પેજ-૨૧, ૩૦-જૂન-૨૦૧૮.

૨. સોલંકી મનીષા કે., ગુજરાતમાં પશુપાલનનો વિકાસ અને ફાળો,'Golden Jubilee National Conference'

3. પ્રો.દિલિપ ચાવડા, ગુજરાતમાં પશુપાલન એક વ્યવસાય, અર્થસંકલન, અંક-૫૮૮, પેજ-૨૫

૪. ડૉ. રમા જે. શાહ, 'પશુપાલન અને ડેરી ઉધોગ દ્વારા, ગ્રામીણ રોજગારી, 'Knowledge Consortium of Gujarat Continues Issue-16, સપ્ટેમ્બર-૨૦૧૬.

૫. રાકેશભાઈ આર. વણકરસાધુ, ગુજરાતમાં પશુપાલન વ્યવસાયનો વિકાસ-દૂધાળા પશુઓના સંદર્ભમાં,'Knowledge Consortium of Gujarat Continues Issue-35, Feb-March-2019.

6. ડૉ, પરેશ એ. શ્રીમાળી, "કૃષિક્ષેત્રની કામગીરીમાં શ્રમિક મહિલાઓની ભૂમિકા આર્થિક-સામાજીક સ્થિતિ પાટણ અને બનાસકાંઠા જિલ્લાનાં સંદર્ભમાં" વર્ષ : ૨૦૧૮,પેજ:૧૮૦,195.

૭. Gu.vikaspedia.in

૮. યોજના અંક, માર્ચ-૨૦૨૦,પેજ:૫૧,૫૨.